| | |
|---|---|
| રજુ તારીખ | ૧૪/૦૨/૨૦૧૪ |
| દાખલ તારીખ | ૧૪/૦૨/૨૦૧૪ |
| ફેંસલ તારીખ | ૧૭/૦૭/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મે.મજૂર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી એન.આર.વઘવાણી સાહેબ સમક્ષ.**

**<u>રેફરન્સ (ટી) નં. : ૧૧૨/૨૦૧૪</u>**

**<u>પ્રથમ પક્ષકારો</u> :** (૧) મે. મેનેજર/ડાયરેકટર શ્રી,
ટાટા મોટર્સ લી (ટાટા નેનો)
જે.બી.એમ.ઓટો લી.
મું.છારોડી તા.સાણંદ, જી.અમદાવાદ.
(૨) મે. પ્રોપરાઈટરશ્રી
સાંઈ એન્ટરપ્રાઈઝ
એ–૧૨૮, જુની બોયઝ હોસ્ટેલની પાસે,
જકાતનાકા, વાઘોડીયા, વડોદરા.

**: <u>વિરૂધ્ધ</u> :**

**<u>બીજા પક્ષકાર</u>:** રમેશભાઈ પ્રભુભાઈ કોળી પટેલ
C/o, અખિલ ગુજરાત જનરલ મજદુર સંઘ
૨–જો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ, અમદાવાદ.

**–:: એવોર્ડ/હુકમ ::–**

**૧.** હાલની અરજી ઔધોગિક વિવાદ ની કલમ–૧૦(૧) હેઠળ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** તમામ રેકર્ડ ધ્યાને રાખતા કામદાર તરફે માંગણાનુ નિવેદન રજુ છે. બંને સામાવાળાઓને કામગીરી બજેલ છે. તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. કામદાર તરફે માંગણાના નિવેદન રજુ છે પરંતુ સને–૨૦૧૫ થી આજદીન સુધી કામદાર હાજર થયેલ નથી. તેમના પ્રતિ. નિયમીત હાજર થતા નથી. કામ ઘણા વર્ષોથી કામદારના પુરાવા માટે છે જે રજુ કરવામાં કામદાર નિષ્ફળ રહેલ છે. છેલ્લા ઘણા

સમયથી કોઈ મુદત રીપોર્ટ પણ રજુ કરવામા આવેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા સદરહું કામમાં વીતેલ સમય ધ્યાને રાખતા, અરજદાર તરફથી કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવતી નથી કે કોઈ પુરાવા રજુ કરવામાં આવતા નથી. તે હકીકત ધ્યાને રાખતા, કામદારની ગેરહાજરી ધ્યાને રાખતા, કામદારને અરજી ચલાવવામાં કોઈ રસ ન હોવાનુ સ્પષ્ટ રીતે માનવાનુ થાય છે. કાયદો સુતેલાને મદદ કરતો નથી તે સિધ્ધાંત ધ્યાને રાખતા અને કેસના સંજોગોમાં હાલનું કામ આગળ ચલાવવું અશકય બનેલ છે. પુરાવા વગર કેસ આગળ ચલાવવાનો કોઈ જ અર્થ નથી. પુરાવા વગર કેસના આખરી નિર્ણયમા કોઈ ફરક પડવાનો નથી. જેથી હાલનો કેસ અરજદારની ગેરહાજરી કારણે તથા પુરાવા રજુ ન કરવાના કારણે તેમજ કામદારને કેસ ન ચલાવવાની ઈચ્છાને ધ્યાન રાખી રદ કરવો જરૂરી અને ન્યાયોચીત જણાય છે. જેથી હાલની અરજી રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**૩.** લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૭/૦૭/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(એન.આર.વઘવાણી)
CODE : GJ01368
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.